

P.07

દીપિકા કક્કરની સર્જરી કલાકો સુધી ચાલશે, બીજા સ્ટેજનું કેન્સર


ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૩૦૦ । વિક્રમ સંવત ૨૦૮૧ : વૈશાખ વદ ૦૯ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 300 • Dt.04-06-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07

ભૂમિ પેડણેકર પરિવાર સાથે સપ્તાહાંત વિતાવ્યો, વેકેશન શાનદાર ફોટા શેર

કરાચીમાં ભૂકંપને કારણે જેલની દિવાલ નબળી પડી । ૨૦૦ કેદીઓ તેને તોડીને ભાગી ગયા

07



04
JUNE- 2025
WEDNESDAY



07

અયોધ્યામાં રાજા રામની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ શરૂ સુવર્ણ શિખર ઝગમગ્યું । ભક્તો ઉમટ્યા

**ભરૂચનાં ૫૬ ગામોમાં ૭ કરોડ ૩૦ લાખ રૂપિયાનું કૌભાંડ**

**અલગ-અલગ એજન્સીઓએ સ્થળ પર કામ કરાવ્યા વિના સરકારને નકલી બિલ રજૂ કરીને ૭ કરોડ ૩૦ લાખ રૂપિયાની ઉચાપત કરી હોવાનું સામે આવતાં ભરૂચના સહાયક પ્રોજેક્ટ અધિકારીએ ગીર સોમનાથની બે એજન્સીઓ વિરુદ્ધ ભરૂચ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા બાદ તપાસ શરૂ કરી હતી**

# ભરૂચનાં ૫૬ ગામોમાં મનરેગા કૌભાંડની તપાસ એસઆઇટી કરશે

**સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, કોન્ટ્રાક્ટ આઉટસોર્સ કર્મચારીઓ અને અન્ય લોકો ઉપર આઇપીસીની કલમ ૪૦૯, ૪૦૬, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦, ૧૧૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો**

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૩ ।

દાહોદમાં મનરેગા કૌભાંડ બાદ હવે ભરૂચમાં મનરેગા હેઠળ રસ્તા અને અન્ય બાંધકામોમાં ગેરરીતિ આચરવામાં આવતા કૌભાંડની તપાસ માટે એસઆઈટીની રચના કરવામાં આવી છે. ભરૂચનાં ૫૬ ગામોમાં ૭ કરોડ ૩૦ લાખ રૂપિયાના કૌભાંડની ફરિયાદ નોંધાયા બાદ તપાસ તેજ કરવામાં આવી છે.પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચ જિલ્લામાં મનરેગા કૌભાંડની તપાસ માટે એસઆઈટીની રચના કરવામાં આવી છે. ભરૂચ જિલ્લાના ૫૬ ગામોમાં મનરેગા કૌભાંડના આરોપોની તપાસની માગ કરવામાં આવી હતી. અલગ-અલગ એજન્સીઓએ સ્થળ પર કામ કરાવ્યા વિના સરકારને નકલી બિલ રજૂ કરીને ૭ કરોડ ૩૦ લાખ રૂપિયાની ઉચાપત કરી હોવાનું સામે આવતાં ભરૂચના સહાયક પ્રોજેક્ટ અધિકારીએ ગીર સોમનાથની બે એજન્સીઓ વિરુદ્ધ ભરૂચ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા બાદ તપાસ શરૂ કરી હતી.મકતમપુર જિલ્લા પંચાયતના રહેવાસી સહાયક પ્રોજેક્ટ અધિકારી પ્રતીક ચૌધરીએ ભરૂચ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે એજન્સીઓએ આમોદ, જંબુસર અને હાંસોટ તાલુકામાં મનરેગા યોજનામાં ગેરરીતિઓ કરવામાં આવી છે. જેમાં ભરૂચ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ માલ સપ્લાય કરતી જલારામ એન્ટરપ્રાઈઝ અને મુરલીધર એન્ટરપ્રાઈઝ સામે ટેન્ડર સામે બિલ ચૂકવવા અંગે ભરૂચના સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીઓ દ્વારા મળેલી રજૂઆત બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી.



**જંબુસર, આમોદ અને હાંસોટ તાલુકાના ટીડીઓને નોટિસ આપીને તપાસ માટે સ્થળ પર આવવાનો આદેશ**

તપાસમાં સહકાર આપ્યો ન હતો અને ૫૬ ગામોમાં મનરેગા યોજનાનું કામ કરાવ્યા વિના સમગ્ર ઘટનાની તપાસ કરવામાં આવી હતી. સુપાસી વેરાવળ ગીર સોમનાથ નાવના રહેવાસી જલારામ એન્ટરપ્રાઈઝના માલિક પિયુષ રતિલાલ નુકાણી અને મુરલીધર એન્ટરપ્રાઈઝના માલિક જોધા ભાઈ નારણ સભાડ અને તપાસ દરમિયાન મળી આવેલા સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, કોન્ટ્રાક્ટ આઉટસોર્સ કર્મચારીઓ અને અન્ય લોકો પર આઈપીસીની કલમ ૪૦૯, ૪૦૬, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦, ૧૧૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

**ગુજરાતમાં કોરોનાએ ફરી હાહાકાર મચાવ્યો**

# ગુજરાત રાજ્યમાં કોરોનાના એક્ટિવ કેસ ૩૯૭ । અત્યાર સુધી સગર્ભા સહિત ૨ના મોત

**અમદાવાદ શેહરમાં કોરોનાના નવા ૫૦ કેસ નોંધાયા । જ્યારે ૧૬ દર્દી ડિસ્ચાર્જ થયા**

। અમદાવાદ, તા.૩ ।

ગુજરાતમાં કોરોનાએ ફરી હાહાકાર મચાવ્યો છે. રાજ્યમાં હાલ ૩૯૭ કોરોનાના કુલ એક્ટિવ કેસ નોંધાયા છે. માત્ર અમદાવાદમાં જ કોરોનાના કુલ ૧૯૭ એક્ટિવ કેસ નોંધાયા છે. અમદાવાદમાં કોરોનાએ બે દર્દીનો ભોગ લીધો છે. ૧૮ વર્ષીય સગર્ભાનું કોરોનાને કારણે મોત નિપજ્યું છે.એલજી હોસ્પિટલમાં અગાઉ ૪૬ વર્ષીય મહિલાનું મોત થયું હતું. સિવિલમાં હાલ એક મહિનાની બાળકી સારવાર હેઠળ છે. અત્યારે ૩૭૫ દર્દીઓ હોમ આઈસોલેશનમાં, ૨૨ દર્દી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.અમદાવાદ શેહરમાં કોરોનાના નવા ૫૦ કેસ નોંધાયા છે. જ્યારે ૧૬ દર્દી ડિસ્ચાર્જ થયા છે. કોરોનાના એક્ટિવ કેસ મામલે ગુજરાત દેશમાં ચોથા નંબર પર છે. જોકે આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવ્યું છે અને ટેસ્ટિંગ વધારાઈ છે.દેશમાં કોરોનાના કેસોમાં સતત ઉછાળો જોવા મળ્યો છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૪ હજારને પાર થઈ છે. ત્યારે હાલ કોરોનાના કુલ એક્ટિવ કેસ ૪૦૨૬ છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૪ દર્દીઓના મોત થયા છે. કેરળમાં સૌથી વધુ ૧૪૧૬ એક્ટિવ કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં ૪૯૪ અને ગુજરાતમાં ૩૯૭ એક્ટિવ કેસ નોંધાયા છે. દિલ્લીમાં ૩૯૩ અને પશ્ચિમ બંગાળમાં ૩૭૨ એક્ટિવ કેસ નોંધાયા છે. ગુજરાતમાં કોરોનાએ ફરી હાહાકાર મચાવ્યો છે. રાજ્યમાં હાલ ૩૯૭ કોરોનાના કુલ એક્ટિવ કેસ નોંધાયા છે.







## રાણીપમાં અકસ્માત સર્જનાર પોલીસ કોન્સ્ટેબલ સુરેન્દ્રનગરથી ઝડપાયો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

અમદાવાદમાં ૩૧ મેના રોજ મોડી રાત્રે રાણીપ બકરમંડીમાં વેગનઆર કાર ઝડપી ગતિએ ચલાવતા એક પોલીસ કોન્સ્ટેબલે બે ટુ-વ્હીલર અને એક લારીને ટક્કર મારી હતી અને રસ્તા પર ઉભેલી એક મહિલાને પણ ટક્કર મારી હતી. જેમાં કુલ ત્રણ લોકો ઘાયલ થયા હતા. એલ ડિવિઝન ટ્રાફિક પોલીસે કાર ચાલક પોલીસ કોન્સ્ટેબલ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. રાણીપ પોલીસે આરોપી કોન્સ્ટેબલ યુવરાજ સિંહને સુરેન્દ્રનગરથી ઝડપી લીધો છે.અમદાવાદમાં રાણીપ વિસ્તારમાં ૩૧ મેનાં રોજ કારચાલક પોલીસ કોન્સ્ટેબલે ૨ વાહન અને લારીને ટક્કર મારી હતી. સાથે રસ્તે ઊભેલી મહિલાને કારની ટક્કરથી ઈજાગ્રસ્ત થઈ હતી.

## નડિયાદ તાલુકામાં માંગરોલી નજીક નીલગાયનાં ટોળાએ યુવાનનો જીવ લીધો

। પ્રતિનિધિ, ખેડા, તા.૩ ।

ખેડામાં નડિયાદ તાલુકાના માંગરોલી નજીક નીલગાયના ટોળાના હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા એક યુવાનનું મોત થયું છે. યુવાનના મોત બાદ પરિવાર આઘાતમાં સપડાયો છે.નડિયાદ તાલુકામાં માંગરોલી નજીક અકસ્માત બાદ ૨૫ થી વધુ નીલગાયના ટોળાએ યુવાનના માથાને પગ વડે ગંભીર ઈજા પહોંચાડી હતી. ગંભીર રીતે ઘાયલ થયા બાદ સ્થાનિકોની નજરે ચડતાં સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ માંગરોલીમાં રહેતા મયંકભાઈ ચંદુભાઈ પટેલ તમાકુ વેચીને કમાયેલા પૈસા બેંકમાં જમા કરાવવા જઈ રહ્યા હતા. ઘરમાં વધુ પડતા પૈસા રાખવા જોખમી હોવાથી બપોરે કેનાલ રોડ પર બાઈક પર પસાર થઈ રહ્યા હતા. દરમિયાન મયંકભાઈનું બાઈક નીલગાય સાથે અથડાયા પછી પડી ગયા હતા.અન્ય નીલગાયના જૂથે પણ મયંકભાઈને કચડી દીધાં હતા.

### નારાયણાનું JEE એડવાન્સ ૨૦૨૫ માં ઉત્કૃષ્ટ પરિણામ

# નારાયણાના વિદ્યાર્થીઓએ ટોચના ૧૦ ઓલ ઈન્ડિયા ઓપન કેટેગરી રેન્કમાંથી ૫ સ્થાને

## નારાયણાના વિદ્યાર્થીઓએ ટોચના ૧૦૦ ઓલ ઈન્ડિયા ઓપન કેટેગરી રેન્કમાંથી ૪૩ સ્થાન મેળવ્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨ ।

JEE એડવાન્સ્ડ ૨૦૨૫ માં ટોચના ૧૦ માંથી ૫ રેન્ક મેળવીને નારાયણાએ ફરી એકવાર શ્રેષ્ઠતાનો માપદંડ સ્થાપિત કર્યો છે. અપ્રતિમ શૈક્ષણિક પ્રતિભા દર્શાવતા, નારાયણાએ ઓપન કેટેગરીમાં ઓલ ઈન્ડિયા રેન્ક (AIR) ૩, ૪, ૬, ૭ અને ૧૦ પ્રાપ્ત કર્યા. આ અસાધારણ પ્રદર્શનમાં માજિદ હુસૈન- (AIR 3)- મધ્યપ્રદેશ, પાર્થ મંદાર વર્તક (AIR 4)- મહારાષ્ટ્ર, અક્ષત ચૌરસિયા (AIR 6)- રાજસ્થાન, સાહિલ દેવ (AIR 7)- મહારાષ્ટ્ર અને વડલામુડી લોકેશ (AIR 10)- આંધ્રપ્રદેશ અગ્રણી છે, જેમની શાનદાર સિદ્ધિઓએ સંસ્થાને ખૂબ જ ગર્વ અપાવ્યો છે. આ ઉત્કૃષ્ટ પરિણામો નારાયણાની શૈક્ષણિક શ્રેષ્ઠતા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા અને તેના મજબૂત, સંશોધન-સંચાલિત શિક્ષણશાસ્ત્રનો પુરાવો છે જે સતત દેશભરમાં ટોચના પરિણામો આપે છે.આ ટોચના રેન્ક ઉપરાંત, અહીંના વિદ્યાર્થીઓએ ટોચના ૧૦૦ રેન્કમાંથી ૪૩ રેન્ક મેળવ્યા છે જેનાથી ભારતના અગ્રણીં માં પ્રવેશ માટે માર્ગ મોકળો થયો છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ ફક્ત અમારા વિદ્યાર્થીઓના અવિરત સમર્પણ અને ખંતને જ નહીં પરંતુ સમગ્ર દેશમાં શૈક્ષણિક શ્રેષ્ઠતાને પોષવાના નારાયણાના ૪૬ વર્ષના વારસાને પણ પ્રતિબિંબિત કરે છે.વધુમાં, નારાયણા




અમદાવાદે પણ તેના શરૂઆતના તબક્કામાં એક નોંધપાત્ર શરૂઆત કરી છે, જેમાં અમારા વિદ્યાર્થી મન પટેલે AIR-43 અને nPrep ના વિદ્યાર્થીઓ શિવેન તોષનીવાલ અને યશ મેશિયાએ અનુક્રમે AIR-58 અને AIR-85 મેળવ્યા છે. નારાયણા સુરતના અમારા વિદ્યાર્થી આગમ શાહ દ્વારા પ્રભાવશાળી AIR 17 મેળવેલ છે. આ બધા રેન્ક ઓલ-ઈન્ડિયા ઓપન કેટેગરીમાં છે, જે સંસ્થાની મજબૂત ઉપસ્થિતિ અને પ્રદેશમાં શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.નારાયણા શૈક્ષણિક સંસ્થાઓના ડિરેક્ટર ડૉ. પી. સિંધુરાએ વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન આપતા કહ્યુંઅમારા વિદ્યાર્થીઓની સફળતા નારાયણાના મજબૂત શિક્ષણ ઈકોસિસ્ટમમાંથી ઉદ્ભવે છે, જે વૈચારિક નિપુણતા, સખત અભ્યાસ અને ટેકનોલોજી-આધારિત શિક્ષણ પર ભાર મૂકે છે. હૈજરક્ટ કાર્યક્રમ દ્વારા સમર્થિત અમારો સર્વાંગી અભિગમ, વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને ભાવનાત્મક બંને રીતે ટેકો આપે છે.

## વલસાડ જિલ્લાના વાતાવરણમાં પલટો, અનેક વિસ્તારમાં વરસાદ પડતા પાણી ભરાયા

। પ્રતિનિધિ, વલસાડ, તા.૩ ।

હવામાન વિભાગની આગાહી વચ્ચે વલસાડ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. વલસાડના વાપી તેમજ આજુ-બાજુના વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. અનેક વિસ્તારોમાં વરસાદ ખાબકતા પાણી ભરાયા છે. ભારે ઉકળાટ બાદ વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૫ દિવસ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટા પડે તેવી શક્યતા છે. આગામી ૮ જૂન સુધી રાજ્યના કેટલાંક વિસ્તારોમાં વરસાદ ખાબકે તેવી આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા વધારે જોવા મળી છે. તો ક્યાં ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતા છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના શહેરોમાં પણ વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે વલસાડ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. વલસાડના વાપી તેમજ આજુ-બાજુના વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. અનેક વિસ્તારોમાં વરસાદ ખાબકતા પાણી ભરાયા છે. ભારે ઉકળાટ બાદ વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૫ દિવસ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટા પડે તેવી શક્યતા છે.

### શહેરમાં કોરોના બેફામ

# અમદાવાદમાં ૬૦ નવા કેસ નોંધાતા સમગ્ર તંત્ર દોડતું થયું બે નવા વોર્ડ શરૂ કરાયા

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૩ ।

ગુજરાતમાં કોરોનાનો રાફડો ફાટ્યો છે. ગઈ કાલે ગુજરાતમાં કુલ ૯૮ કોરોનાનાં કેસ નોંધાયા હતા જ્યારે એક મહિલા તથા એક યુવતીનું મોત નિપજ્યું હતું. કોરોના ફરી એકવાર ગુજરાતમાં સ્પીડ પકડી રહ્યો છે ત્યારે તેમાં સૌથી મહત્વનો ભાગ અમદાવાદ ભજવી રહ્યું છે. હાલ ગુજરાતમાં જેટલા કેસ છે તેનાં અડધો અડધથી વધારે કેસ તો માત્ર અમદાવાદમાં જ એક્ટિવ છે. ૩ વર્ષ બાદ કોરોનાને કારણે જે મોત નોંધાયા છે તે પણ અમદાવાદમાં જ નોંધાયા છે.અમદાવાદમાં ફરી એકવાર કોરોનાએ સ્પીડ પકડી છે. ચોમાસું આવતાની સાથે જ સિઝનલ રોગચાળાની સાથે સાથે હવે કોરોનાએ



પણ માઝા મુકી હોય તેવી સ્થિતિનું સર્જન થયું છે. અમદાવાદમાં એક જ દિવસમાં ૬૦ કેસ નોંધાયા છે. અમદાવાદમાં હાલમાં કોરોનાના કુલ ૨૪૧ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના ગલે હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર પણ દોડતું થયું છે. શારદાબેન તથા એસવીપી હોસ્પિટલમાં પણ કોરોનાનો વોર્ડ ફરી એકવાર શરૂ કરી દેવામાં આવ્યો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સામાન્ય નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, શંકાસ્પદ કાંઈ પણ જણાય તો તત્કાલ કોરોનાનો ટેસ્ટ કરવામાં આવે. જો તે વ્યક્તિ બેદરકાર હોય તો આસપાસનાં લોકોને પણ અપીલ કરવામાં આવી છે કે, કોર્પોરેશનને જાણ કરવામાં આવે. જો કોરોના પોઝિટિવ આવે અને તે વ્યક્તિને અન્ય પણ ગંભીર પ્રકારનાં રોગો હોય અથવા તો તે ઉંમર લાયક હોય તો તત્કાલ હોસ્પિટલમાં દાખલ થવા માટેની પણ અપીલ કરવામાં આવી છે. ગુજરાતમાં કોરોનાનો રાફડો ફાટ્યો છે. ગઈ કાલે ગુજરાતમાં કુલ ૯૮ કોરોનાનાં કેસ નોંધાયા હતા જ્યારે એક મહિલા તથા એક યુવતીનું મોત નિપજ્યું હતું. કોરોના ફરી એકવાર ગુજરાતમાં સ્પીડ પકડી રહ્યો છે ત્યારે તેમાં સૌથી મહત્વનો ભાગ અમદાવાદ ભજવી રહ્યું છે. હાલ ગુજરાતમાં જેટલા કેસ છે તેનાં અડધો અડધથી વધારે કેસ તો માત્ર અમદાવાદમાં જ એક્ટિવ છે.

## પાટડીની હોસ્પિટલમાં મૃતકના પુત્રને પોલીસની લાફાવાળી, પિતાના મૃત્યુ પછી રોષ ઠાલવવો ભારે પડ્યો

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૩ ।

પાટડી સરકારી હોસ્પિટલમાં એક યુવકના પિતાનું મોત થતા તેણે હોબાળો મચાવ્યો હતો. આ યુવકે પિતાના મૃતદેહ પાસે જ 'ડૉક્ટરને હાજર કરો' એવું કહીને બૂમાબૂમ કરી મૂકી હતી. આ ઘટના વખતે હોસ્પિટલ સત્તાવાળાઓએ પોલીસને પણ બોલાવી લીધી હતી. આ દરમિયાન યુવકે પોલીસ સાથે પણ ઊંચા અવાજે બૂમાબૂમ કરી હતી. એટલું જ નહીં, તેણે પીઆઈ બી.સી. છત્રોલિયાનું પણ બાવડું પકડી લીધું હતું. આટલું કહેતા જ પોલીસ જવાને આ યુવકને દસેક લાફા ઝીંકી દીધા હતા. આ ઘટના વિગત એવી છે કે, પાટડી શહેરના જૂના બસ સ્ટેન્ડ વિસ્તારમાં રહેતા અને સોલડી ગામના શિક્ષક રાજેન્દ્ર જાદવનું હાર્ટ એટેકથી મૃત્યુ નીપજ્યું હતું. આ દરમિયાન તેમના પુત્ર સહિતના સગાવ્હાલાએ હોસ્પિટલ જઈને હોબાળો કર્યો હતો. આ લોકોએ હોસ્પિટલમાં હોબાળો કરતા પાટડી પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે દાવો કર્યો હતો કે, આ યુવકે પોલીસ ઈન્સ્પેક્ટર અને અન્ય પોલીસ કર્મચારી સાથે પણ ગેરવર્તન કર્યું હતું. એટલું જ નહીં, આ યુવક નશામાં હતો. જો કે, મૃતકના સગાવ્હાલાએ આરોપ મૂક્યો છે કે, પોલીસે તેમની દાદાગીરી છુપાવવા માટે યુવક પર નશો કર્યાનો આરોપ મૂક્યો છે.

## વડોદરામાં ફૂલ વેચતી મહિલાએ નાણાં ન આપતા યુવકનો હુમલો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩ ।

લાલબાગ બ્રિજ નીચે ફૂલનો વેપાર કરતા પથારાધારકોએ નાણાં આપવાનો ઈન્કાર કરતા ઈરફાન ઉર્ફે રાજા પઠાણ નામના શખ્સે મહિલા વેપારીની સાડી ખેંચી કાઢી ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડવા અંગે ફરિયાદના આધારે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.શહેરના નવાપુરા વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય શારદાબેન રાજેશભાઈ માળી લાલબાગ બ્રીજ નીચે ફુલનો વેપાર કરે છે. તેમણે ફરિયાદ નોંધાવી હતી કે, ગઈકાલે રવિવારે હું, મારી બહેન તથા મારા પતિ લાલબાગ બ્રીજ નીચે ફુલો વેંચતા હતા. તે વખતે સવારના આશરે દશેક વાગ્યાના સુમારે નવાપુરા મુસ્લીમ મહોલ્લા માં રહેતો ઈરફાન ઉર્ફે રાજા પઠાણ લાલબાગ બ્રીજ નીચે અમારી પાસે આવેલ અને મારી પાસે પૈસા માંગેલ મેં નહીં આપતા મને તથા મારી બહેનને અપશબ્દો કહ્યા હતા. ઈરફાન ઉર્ફે રાજા અગાઉ પણ અમને આ રીતે હેરાન પરેશાન કરતો હોય પૈસા આપવાનો ઈન્કાર કરતા મને જાનથી મારી નાખવાની ધમકી લાફો મારી દીધેલ અને મારી સાથે ઝપાઝપી કરી મારી છાતીના ભાગે હાથ મારી તેમજ તેણે મારી સાડી પકડી ખેંચી કાઢી ગડદાપાટુનો માર મારતા જમણા પગમાં ઈજા પહોંચી હતી. આ ઝપાઝપી દરમ્યાન મારી દીકરીએ પોલીસ કંટ્રોલને જાણ કરતા પોલીસે ઈરફાન ઉર્ફે રાજા પઠાણની અટકાયત કરી હતી.



### કિરીટ પટેલને ટિકિટ આપવામાં પણ ગેમ

# ગોપાલ ઈટાલિયા વિધાનસભાના પગથિયે ના પહોંચે એ માટે રચાયું જબરદસ્ત પ્લાનિંગ

**વિસાવદરની ચૂંટણી જાહેર થઈ ગઈ છે અને કોંગ્રેસ નહીં પણ આપના ગોપાલ ઈટાલિયા વિધાનસભાના પગથિયે ના પહોંચે એ માટે જબરદસ્ત પ્લાનિંગ રચાયું**

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૩ ।

વિસાવદર બેઠક પર ભાજપે નવા ચહેરાની પસંદગી કરીને સૌને ચોકાવ્યાં છે. કહેવાય છે કે ભાજપ સંગઠનના સોગઠા રચવામાં માહેર ખેલાડી છે. વિસાવદરની ચૂંટણી જાહેર થઈ ગઈ છે અને કોંગ્રેસ નહીં પણ આપના ગોપ ાલ ઈટાલિયા વિધાનસભાના પગથિયે ના પ હોંચે એ માટે જબરદસ્ત પ્લાનિંગ રચાયું છે. ભાજપે ઉમેદવાર તો જાહેર કરી દીધો છે પણ કિરીટ પટેલને ટિકિટ આપવામાં પણ ગેમ રચાઈ છે. વિસાવદરની સીટ પર કીરિટ પ ટેલને હરાવનાર હર્ષદ રિબડિયા હાલ ભાજપ માં હોવા છતાં સાઈડલાઈન છે.

હર્ષદ રિબડિયાને હરાવનાર ભૂપત ભાયાણીએ ભાજપના ધારાસભ્ય બનવાના સપનાં જોયા એ અધૂરા રહી ગયા છે. ભાયાણી ભોંઠા પડ્યા છે તો રીબડિયા જૂના થયા ને કિરીટ પટેલ વિસાવદરમાં હુકમનો એક્કો બની ગયા છે. શા માટે કિરીટ પટેલે મેદાન માર્યું એ પણ રસપ્રદ છે. વિસાવદર સીટના પ્રભારી પદે જયેશ રાદડિયાને રાખવા એ પણ કિરીટ પટેલનો ખેલ છે.

અહીં પાટીદારોનું પ્રભુત્વ અને ૧૫૭ ગામડાઓ છે. ભાજપ છેલ્લા ૧૩ વર્ષથી અહીં



જીતી નથી એ મ્હેણું ભાગવા માટે કિરીટ પ ટેલને ટિકિટ અપાઈ છે. કિરીટ પટેલે છેલ્લા બે દાયકાથી વધુ સમયગાળા દરમિયાન જૂનાગઢ જિલ્લામાં વિવિધ જવાબદારી નિભાવી છે. ૨૦૦૯ થી ૨૦૧૫ સુધી યુવા ભાજપ પ્રમુખ તરીકે જવાબદારી સંભાળનાર કિરીટ પટેલ તાલાલા અને જૂનાગઢની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન તરીકે પણ કામગીરી કરી છે. હાલ જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના ચેરમેન પણ છે.

આમ ગ્રામ્ય વિસ્તાર અને પાટીદાર સમાજ પર તેમની પકડે એમની ફરી ટિકિટ અપાવી છે. જિલ્લા ભાજપ પ્રમુખ પદે રહીને સંગઠનમાં કરાયેલી કામગીરીએ પણ તેમને ટિકિટ અપાવવામાં મહત્વનો રોલ ભજવ્યો છે. કિરીટ પટેલ અહીં તમામ દાવપેચ તોડવામાં સફળ રહયા તો વધુ એક પાટીદાર નેતા વિધાનસભાના દ્વારે પહોંચે તો નવાઈ નહીં...

ગોપાલ ઈટાલિયાની વિસાવદરનાં સ્થાનિક પાટીદાર પરિબળોને ધ્યાનમાં રાખીને પસંદગી થઈ હોવાનું માની શકાય છે. આ ઉપરાંત ટિકિટ માટે અંદરના ગજગ્રાહનો અંત આણવા પણ ગોપાલ ઈટાલિયાના નામની કેન્દ્રીય નેતાગીરીના ઈશારે પસંદગી થઈ હોવાનું અનુમાન લગાવી શકાય એમ છે. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી સમયે ગોપાલ ઈટાલિયા પાટીદારોના પ્રભુત્વવાળી સુરતની કતારગામ બેઠક ઉપરથી હારી ગયા હતા એટલે તેમની રાજકીય કારકિર્દી માટે આ ચૂંટણી મહત્ત્વપૂર્ણ છે.

રાજકારણમાં જે તે વ્યક્તિ ધારાસભા કે લોકસભાની ચૂંટણી જીતે, તે પછી જ તેની પ ૉલિટિકલ કેરિયર શરૂ થતી હોય છે. હજુ ગોપ ાલ ઈટાલિયાની રાજકીય કારકિર્દી ઘડાય રહી છે, તેઓ પોતાના માટે રાજકીય ભૂમિ શોધી રહ્યા છે, એટલે તેઓ સુરત બાદ હવે વીસાવદરની બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. ઈટાલિયા પાસે આ ચૂંટણી જીતીને પોતાને નેતા તરીકે પ્રસ્થાપિત કરવાની છે.ઉલ્લેખનીય છે કે, વિસાવદર વિધાનસભાની બેઠકની ચૂંટણીમાં પણ ત્રિપાંખિયો જંગ જોવા મળશે.

### નરેન્દ્ર મોદી સ્ટેડિયમ બહાર ગેસ સિલિન્ડર ફાટતાં અફરાતફરી મચી ગઈ હતી

# મોટેરા વિસ્તારમા સિલિન્ડર બ્લાસ્ટની ઘટના - શહેરના પોશ વિસ્તારમાં આવેલી શાળાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

અમદાવાદના આંગણે એક મોટી ઈવેન્ટ થવા જઈ રહી છે, ત્યારે શહેરમાં એક પછી એક ચોંકાવનારી ઘટનાઓ સામે આવતા હડકંપ મચી ગયો છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ બહાર ગેસ સિલિન્ડર ફાટતાં અફરાતફરી મચી ગઈ હતી આ ઘટના ત્યારે બની છે જ્યારે શહેર આઈપીએલ ૨૦૨૫ ની ફાઈનલ મેચની યજમાની કરવા જઈ રહ્યું છે.

આવા સંજોગોમાં સ્ટેડિયમની બહાર સિલિન્ડર બ્લાસ્ટ જેવી ઘટનાઓ સુરક્ષા એજન્સીઓ માટે લાલબત્તી સમાન છે. શું આ ગંભીર ઘટના બાદ તંત્ર સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવશે? કે પ છી કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોવામાં આવશે? આજે અમદાવાદમાં દેશના જ નહીં, વિદેશમાંથી પણ મોટી સંખ્યામાં સહેલાણીઓ મેચ જોવા માટે ઉમટ્યા છે, ત્યારે અમદાવાદ શહેર અને તેની સુરક્ષા સામે આજે એક મોટો સવાલ છે.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમના મુખ્ય પ્રવેશદ્વાર બહાર ગેસ સિલિન્ડર ફાટવાની ઘટનાથી ખળભળાટ મચ્યો છે. સદનસીબે સવારનો સમય હોવાથી અને ભીડ ઓછી હોવાને કારણે મોટી જાનહાનિ ટળી છે, પરંતુ આ ઘટના ફૂટપાથ પર ખાણી-પીણી વેચતા લોકોની બેફામ બેદરકારી અને તંત્રની ઢીલી નીતિઓનો જીવતો જાગતો પુરાવો છે. સ્થાનિકો અને ફાયરબ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો હતો.

## પતિને છોડી બાળકો સાથે ગુમ થયેલી મહિલાને વડોદરા પોલીસે પાંચ મહિને શોધી કાઢી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩ ।

વડોદરાના નંદેસરી વિસ્તારમાં ગુમ થઈ ગયેલી બે સંતાનો સાથે ગુમ થયેલી માતાને પાંચ મહિના બાદ પોલીસે શોધી કાઢી છે.નંદેસરી નજીકના ગામમાં રહેતા વિનયભાઈ ચારેણની પ ત્ની જાન્યુઆરી મહિનામાં બે સંતાન સાથે ગુમ થઈ જતા તેની શોધખોળ કર્યા બાદ નંદેસરી પોલીસ સ્ટેશનને ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા મહિનાને શોધવા માટે તેમના સગા સંબંધીઓ અને અન્ય આશ્રય સ્થાનો ઉપર તપાસ કરવામાં આવી હતી. પરંતુ તેનો ક્યાંય પત્તો મળતો ન હતો. જે દરમિયાન મહિલા તેના બન્ને સંતાનો સાથે દાહોદના શહેરા ખાતે રહેતી હોવાની વિગતો મળતાં પોલીસે ત્યાંની સ્થાનિક પ ોલીસની મદદથી મહિલાને શોધી કાઢી તેના પરિવારને સોંપ વા તજવીજ કરી હતી. મહિલા કયા કારણસર ગઈ હતી અને આટલો સમય ક્યાં રહી હતી તેની પોલીસ હવે પછી પૂછપ રછ કરશે. વડોદરાના નંદેસરી વિસ્તારમાં ગુમ થઈ ગયેલી બે સંતાનો સાથે ગુમ થયેલી માતાને પાંચ મહિના બાદ પોલીસે શોધી કાઢી છે.

## સરખેજમાં ૧૪ વર્ષની સગીરાના પાડોશી દંપતીએ અપહરણ કરીને રાજસ્થાન વેચી દીધી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

અમદાવાદના સરખેજમાં રહેતા ભરતજી ઉર્ફે ગોવિંદજી ઠાકોર , તેની પત્ની ભારતી ઠાકોર અને ટીના ઠાકોરની ૧૪ વર્ષની સગીરાને અપ હરણ કરી રાજસ્થાનમાં વેચી દેવાના કેસમાં સરખેજ પોલીસે ધરપકડ કરી છે. સમગ્ર ઘટનાની વાત કરીએ તો ૨૯ એપ્રિલના રોજ ૧૪ વર્ષની સગીરા ઘરેથી ગુમ થઈ ગઈ હતી. તેના પાલક માતા પિતાએ શોધખોળ કરી પરતુ તે મળી આવી ન હતી. આ ઉપરાંત પ ડોશમાં રહેતા દંપતિ ભરત ઠાકોર અને તેની પત્ની ભારતી ઘરેથી ગાયબ હતા. જેથી પાલક માતા પિતાએ તપાસ કરતા આ દંપતીએ સગીરાનું અપહરણ કરીને રાજસ્થાનના યુવક સાથે લગ્ન કરાવી વેચી દીધી હતી. જે મામલે સરખેજ પ ોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બનાસકાંઠા નજીક તેને સલામત મુક્ત કરાવી હતી. જ્યારે સગીરાનું અપહરણ કરનાર દંપતી સહિત ૩ ની ધરપકડ કરીને સગીરાને લગ્ન માટે વેચવાના રેકેટનો પર્દાફાશ કર્યો છે.પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, પકડાયેલ પાડોશી દંપતી મૂળ મહેસાણાના રહેવાસી છે અને આરોપી ટીના ઠાકોર બનાસકાંઠાના ભાભોર જિલ્લાની વતની છે. આ ટોળકી સાથે અન્ય ચાર વોન્ટેડ આરોપીઓની સંડોવણી સામે આવી છે. જેમાં બનાસકાંઠાનો વનરાજ રાઠોડ, મેઘરાજ રાઠોડ, હીના રાઠોડ અને રાજસ્થાનના વીરસિંહ રાઠોડ સમાવેશ થાય છે. આ ટોળકી સગીરાનું અપહરણ કરીને લગ્નના બહાને વેચી દેતા હતા. સરખેજની ૧૪ વર્ષની સગીરાને ૫ લાખમાં વેચી હતી. આ સગીરાને લગ્નના બહાને એક રાત્રિ મોકલી અને પરત લઈ આવ્યા હતા. આ રીતે રાજસ્થાનના યુવક વીરસિંહ સાથે પૈસા લઈ ઠગાઈ કરી હતી. જોકે પાડોશી દંપતી ભરત ઠાકોર અને ભારતી સિવાય અન્ય વચેટિયા હોવાનું ખુલાસો થતા પોલીસે આ નેટવર્કને લઈ ને તપાસ શરૂ કરી છે.






## તંત્રી લેખ..

# પાયરેસીની તકલીફ

વર્ષોથી પાયરેસીનો ડંખ બોલિવુડને ઝેલવાની ફરજ પડી રહી છે. તે રોજગારી પર પણ સીધી અસર કરે છે. પાયરેસીના સમસ્યા અને તેના પર અંકુશ મુકવાની બાબતને લઈને હમેંશાથી ચર્ચા રહી છે. પાયરેસી સામે લોકડાઉન પહેલા અવાજ પણ ઉઠી ચુકી ચુકી છે. બોલિવુડના સંબંધિત લોકો દ્વારા આ મામલાને ગંભીરતાથી લેવાની શરૂઆત કરી દીધી છે. એક ફિલ્મ બનાવવામાં ખુબ પૈસા ખર્ચ થાય છે. કેટલાક લોકોના રોજગાર તો ફિલ્મ સાથેજ જોડાયેલા છે. જેથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ હવે પાયરેસીની સામે એક મત થઈ રહી છે. પાયરેસીની ફિલ્મ પર માઠી અસર થાય છે. ફિલ્મ નિર્માતાને વધારે નુકસાન થાય છે. સારી પટકથા ધરાવતી ફિલ્મો લીક કરવામાં આવે છે. ઓછા લોકપ્રિય ચહેરા ધરાવતી ફિલ્મ બનાવવા માટે નાણાં ઓછા ખર્ચ કરવામાં આવે છે પરંતુ મોટા સ્ટાર ધરાવતી ફિલ્મ બનાવવા પાછળ તો જંગી નાણાં ખર્ચ કરવામાં આવે છે. પાયરેસીના સફાયાની બાબત તો શક્ય દેખાતી નથી પરંતુ તેના પર કેટલાક પગલા લઈને અંકુશ મુકી શકાય છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની સાથે સાથે સરકારને પણ કઠોર નિયમો બનાવવાની જરૂર છે. આના માટે નિષ્ણાંતોની કમિટી બનવી જોઈએ. સામાન્ય લોકો પણ પાયરેસીના મામલે તમામ બાબતો જાણે છે. પાયરેસી ફિલ્મ જોવાની બાબત એક ચોરી સમાન છે. મોઘા ટિકિટ પાયરેસીના માંગને વધારી દેવા માટે ચોક્કસ પણે કારણરૂપ છે. કારણ કે સામાન્ય ફિલ્મને નિહાળવા માટે કોઈ પણ પરિવાર ૨૦૦૦ રૂપિયા ખર્ચ કરશે નહી. આવી સ્થિતીમાં તે વેબસાઈટ પરથી જ આવી ફિલ્મ ડાઉનલોડ કરી નાંખે છે અને ઘરમાં જોઈ નાંખે છે. જો કે કેટલાક લોકો માને છે કે શહેરોમાં હજુ પણ સિંગલ સ્ક્રીન રહેલા છે જ્યા સસ્તામાં ફિલ્મ નિહાળી શકાય છે. થિયેટરના જાદુને ક્યારેય લેપટોપ અને સ્માર્ટ ફોન પર મેળવી શકાય નહી. પરંતુ લોકોને વિચારવાની જરૂર છે કે આવા સરળ મનોરંજનના ચક્કરમાં તેઓ કેટલાક લોકોની રોજગારી પર લાત મારી રહ્યા છે. લોકોને સમજી લેવાની જરૂર છે કે આ ફિલ્મની પાછળ સેંકડો લોકોની રોજગારી જોડાયેલી હોય છે. ફિલ્મ સારો કારોબાર કરે છે તો ઈન્ડસ્ટ્રીઝ આના કારણે આગળ વધે છે. પરંતુ પાયરેસી ફિલ્મના કારણે તેની ગણતરી પર માઠી અસર થાય છે. લોકો દસ રૂપિયા ખર્ચ કરીને પાયરેટેડ ફિલ્મને પોતાના મોબાઈલમાં અથવા તો લેપટોપમાં ડાઉનલોડ કરી નાંખે છે. આ બાબત ચોક્કસપણે ખોટી અને ગેરકાયદે છે. પાયરેસીના શિકાર થયેલી મોટી ફિલ્મમાં રજનિકાંતની કબાલી પણ સામેલ છે. રજનિકાતના એક્શન ફિલ્મ રજૂ કરવામાં આવ્યાના ૭૦ મિનિટમાં જ લીક થઈ ગઈહતી. ફિલ્મ ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવી હતી. જો કે ફિલ્મે પ્રથમ સપ્તાહમાં ૩૫૦ કરોડની કમાણી કરી હતી પરંતુ પાયરેસીના કારણે તેને પણ નુકસાન થયુ હતુ. જાણકાર લોકો માને છે કે કોઈ પણ વ્યક્તિ પેટ કાપીને તો ફિલ્મ નિહાળવા જશે નહી. નિર્માતા અને નિર્દેશકો તથા સરકાર માત્ર કમાણીને જ નહી બલ્કે લોકોની સંખ્યાને પણ ધ્યાનમાં લે તે જરૂરી છે. ટિકિટની કિંમત ઓછી હોવી જોઈએ, સાથે સાથે કાયદાકીય જોગવાઈ પણ કઠોર હોવી જોઈએ. દેશના આઈટી એક્ટમાં ફિલ્મ પાયરેસીને રોકવા માટે હજુ સુધી કોઈ ખાસ જોગવાઈ નથી

# સ્કીન માટે ફીશ ઓઇલ ખુબ આદર્શ



હાલમાં કોરોના કાળની સ્થિતી રહેલી છે. લોકો બિમારીને ટાળવા માટે બનતા તમામ પ્રયાસો કરી રહ્યા છે. સાથે સાથે પોતાની રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા માટે તમામ વિકલ્પનો ઉપયોગ કરી રહ્યા છે. જાણકાર નિષ્ણાંતો પણ આ વાતને માને છે કે ફિશની બનેલી ચીજો આરોગ્ય માટે ઉપોગી રહેલી છે. સાથે સાથે તેમાં કેલ્શિયમ પણ પુરતા પ્રમાણમાં રહે છે. ફિશ ઓઈલ કોરોનાની વિકટ સ્થિતીમાં માત્ર આરોગ્ય માટે જ નહીં બલ્કે અન્ય રીતે પણ ઉપયોગી છે.

ફીશ ઓઈલના ઘણા ફાયદા છે તે બાબત અગાઉ પણ સાબિત થઈ ચુકી છે. હવે ફરી આ વાતને અભ્યાસમાં સમર્થન મળ્યું છે. ફીશ ઓઈલ માત્ર આરોગ્ય માટે જ યોગ્ય નથી બલકે વાળ, સ્કીન માટે પણ ફીશ ઓઈલ ખૂબ જ મહત્વપૂર્ણ અને ઉપયોગી છે. આ ઉપરાંત જુદા જુદા રોગને રોકવામાં પણ ફીશ ઓઈલની ભુમિકા છે. ફીશ ઓઈલના ફાયદાઓને લઈને વારંવાર અભ્યાસ થતા રહ્યા છે. સ્વસ્થ હાર્ટને જાળવી રાખવા કોઈપણ વ્યક્તિને વધારે પ્રમાણમાં ફીશ ઓઈલ ધરાવનાર ભોજન ઉપયોગમાં લેવાની જરૂર છે. હાર્ટના રોગના ખતરાને ઘટાડવામાં તેમા રહેલા ઉમેગા-૩ તત્વો ઉપયોગી છે. આ ઉપરાંત તે એલડીએલ કોલેસ્ટ્રોલ પ્રમાણને પણ ઘટાડે છે. સાથે સાથે એચડીએલનું પ્રમાણ વધારે છે. એનડીએલ કોલેસ્ટ્રોલ ખરાબ કોલેસ્ટ્રેલ તરીકે ગણવામાં આવે છે. તે સારા કોલેસ્ટ્રોલના પ્રમાણને વધારે છે. ફીશ ઓઈલ હાર્ટ સ્ટ્રોકને ટાળવામાં પણ ઉપયોગી સાબિત થાય છે. ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ફીશ ઓઈલ હાઈપર ટેન્શનની સારવારમાં પણ ઉપયોગી બની શકે છે. આ ઉપરાંત સ્લીમ રહેવમાં પણ મદદરૂપ બને છે. અભ્યાસમા જાણવા મળ્યુ છે કે વજન ઘટાડવામાં તેની ભુમિકા છે. નિયમિત પ્રમાણમાં ફીશ ઓઈલને ઉપયોગમાં લેવામાં આવે તો ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે. અસ્થમાં જેવી શ્વાસની તકલીફ ધરાવતા લોકોને ફીશ ઓઈલ ખાવાથી ફાયદો થાય છે. સંશોધકોએ કહ્યું છે કે હાઈફીશ ડાઈટ ઉપર રહેલા બાળકોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. જુદા જુદા ગ્રુપમાં બાળકોને વિભાજિત કરીને તેમના ઉપર નજર રાખવામાં આવી હતી. હાઈફીશ ડાઈટ ઉપર થોડાક બાળકોને રાખાવમાં આવ્યા હતા. જ્યારે અન્ય બાળકોને નિયમિત ડાઈટ ઉપર રાખવામાં આવ્યા હતા. પરિણામમાં જાણવા મળ્યું કે વધુ ફીશ ખાનાર બાળકો અસ્થમાના ઓછા શિકાર દેખાયા હતા અને તેઓ વધુ સારી રીતે શ્વાસ લઈ શકતા હતા. ફીશ ઓઈલના અન્ય ઘણા ફાયદા છે. ઓમેગા-૩ ફીશ ઓઈલ કેન્સરના સૌથી સામાન્ય સ્વરૂપ પૈકીના ત્રણ સ્વરૂપોને રોકે છે. જેમાં સ્થન કેન્સર અને પ્રોસ્ટટેટ કેન્સરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ખતરનાક સેલોને પણ મારી નાખે છે. ફીશ ઓઈલથી વાળની ખૂબસુરતી અને ચમક વધે છે. ઓમેગામાં એવા તત્વો હોય છે જે વાળના ગ્રોથને વધારે છે તથા હેરલોસને અટકાવે છે. ફીશમાં મોટા પ્રમાણમાં પ્રોટીન તત્વો હોય છે.અત્રે નોંધનીય છે કે ભારતમાં વધતા જતા કેસો વચ્ચે છેલ્લા ૮૨ દિવસોમાં દેશમાં કોરોનાના કેસોની સંખ્યા બે ગણી થઈ ગઈ છે.પાંચ રાજ્યોમાં મોતના આંકડામાં વધારો થયો છે. કોરોનાની બીજી લહેરનો કહેર જારી છે. ગઈ વખતના સર્વોચ્ચ આંકડા કરતા આ આંકડા ૧૦ હજાર વધારે છે. આની સાથે જ મોતના મામલે પણ નવા રેકોર્ડ સર્જાઈ રહ્યા છે. કોરોના લહેર દિન પ્રતિદિન ઘાતક બની રહી છે. તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યોછે. ૩૦મી એપ્રિલના દિવસે ચાર લાખ કેસ સપાટીપર આવ્યા હતા.દિલ્હીમાં સંપૂર્ણ લોકડાઉન લાગુ કરવામાં આવ્યા બાદ સ્થિતીમાં આંશિક સુધારો થઈ રહ્યોછે. જો કે હાલમાં સ્થિતી સુધરી ગઈ છે તેમ કહી શકાય તેમ નથી. ૧૮ રાજ્યો કઠોર નિયમો પાળી રહ્યાછે.




## વિદ્યાર્થીઓ વચ્ચે સ્માર્ટ ફોન અતિ જરૂરી બન્યા છે

**આજે સ્માર્ટફોનના કારણે કેટલાકપ્રકારની એપ્સ હોવાના કારણે વિદ્યાર્થીઓ તેનાથી પ્રભાવિત રહે છે જેથ વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ આ પ્રકારના ફોનની માગ કરે છે, મોબાઇલ ફોન પર શિક્ષણ સાથે સંબંધિત એપ્સ દર્શાવીને વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ સ્માર્ટ ફોન ખરીદી લેવાની માંગ કરે છે**

# સ્માર્ટ ફોન વિદ્યાર્થીઓ માટે જરૂરી છે

**મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જુદી જુદી આકર્ષક એપ્સના કારણે એક પ્રકારના નશાનો શિકાર : કેરિયરને પણ નુકસાન કરી રહ્યા છે**

તાજેતરના સમયમાં જો વિદ્યાર્થીઓના સ્તર પર જોવામાં આવે તો મોબાઈલ ફોન સાથે હોવાની બાબત જરૂરી બની ગઈ છે. કોરોના કાળમાં તો વિદ્યાર્થીઓની સાથે સાથે પેરેન્ટસ પાસે મોબાઈલ ફોન હોવાની બાબત હવે મુળભૂત જરૂરીયાત બની ગઈ છે. બાળકો ભણવા અને રમવા જાય છે ત્યારે પેરેન્ટસને ચિંતા સતાવતી હોય છે. આવી સ્થિતીમાં બાળકોની પાસે મોબાઈલ ફોન હોવાની બાબત જરૂરી બની ગઈ છે. હવે પ્રશ્ન એ ઉઠે છે છે કે વિદ્યાર્થીઓ મોબાઈલ ફોનનો ઉપયોગ કઈ રીતે કરે છે. જો માત્ર પેરેન્ટસની ચિંતા અને બિનસુરક્ષાના કારણોથી મોબાઈલ ફોનના ઉપયોગ અંગે વિચારણા કરવામાં આવે તો આ બાબત વાજબી દેખાય છે. સાથે સાથે આ સમસ્યાને બેઝિક ફોનથી ઉકેલી શકાય છે. જેની કિંમત સામાન્યરીતે એક હજાર રૂપિયા સુધીની હોય છે. તેનો ઉપયોગ કરીને પેરેન્ટસ ક્યારેય પણ વિદ્યાર્થી ક્યાં છે તે અંગે માહિતી મેળવી શકે છે. અથવા તો તેમની સાથે વાતચીત કરીને ખાતરી કરી શકે છે. પરંતુ આજે સ્માર્ટફોનના કારણે કેટલાકપ્રકારની એપ્સ હોવાના કારણે વિદ્યાર્થીઓ તેનાથી પ્રભાવિત રહે છે. જેથ વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ આ પ્રકારના ફોનની માગ કરે છે. કેટલીક વખત મોબાઈલ ફોન પર શિક્ષણ સાથે સંબંધિત એપ્સ દર્શાવીને વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ સ્માર્ટ ફોન ખરીદી લેવાની માંગ કરે છે.ધોરણ છથી લઈને ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે કેટલાક એપ્સ હાલમાં ઉપલબ્ધ રહેલા છે. જેના કારણે વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસમાં કામ કરી શકે છે. પરંતુ આનામાં કેટલાક એપ્સ એવા પણ છે જે વિદ્યાર્થીઓને બીજી તરફ આકર્ષિત કરે છે. આના કારણે તેમના અભ્યાસમાં અડચણો આવવાની શરૂઆત થઈ જાય છે. સોશિયલ સાઈટને લઈને હવે વિદ્યાર્થીઓમાં ક્રેજ સતત વધી રહ્યો છે. આ વયમાં વિદ્યાર્થીઓમાં નવી નવી બાબતો અથવા તો તે કેટલીક નવી ચીજો જાણવા માટેની ઉત્સુકતા રહે છે. કેટલીક વખત તો સ્માર્ટફોન વિદ્યાર્થીઓ માટે એડિક્શન બની જાય છે. આના કારણે તેમના શિક્ષણ પર માઠી અસર થાય છે. જો વિદ્યાર્થી પાસે સ્માર્ટફોન પર ઈન્ટરનેટ કનેક્સન નથી તો પણ તે તે ફ્રેન્ડ સર્કલમાં હોટસ્મોટ અથવા તો વાઈફાય ઝોનમાં જઈને એક્ટિવ મોબાઈલ એપ્સ અથવા તો ગેમ્સ ડાઉનલોડ કરી શકે છે. સોશિયલ સાઈટના એક પ્રકારના નશાના કારણે વિદ્યાર્થીઓ આધુનિક સમયમાં શિક્ષણથી દુર ભાગી રહ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓમાં તો વેબસાઈટ પર પોતાના સ્ટેટસને લઈને એક પ્રકારની ટેન્શનની સ્થિતી રહે છે. વિદ્યાર્થી પોતાના સોશિયલ ફ્રેન્ડસને આકર્ષિત કરવામાં લાગી જાય છે. આ સ્થિતીમાં કેટલાક વિદ્યાર્થીઓ તો માત્ર આ દિશામાં જ વિચારતા રહે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે આશરે છ અને નવ મિનિટમાં આ વિદ્યાર્થીઓ પોતાના મોબાઈલ પર મિત્રોની સ્ટેટસ જાણવા માટે પ્રયાસ કરે છે. વિદ્યાર્થીઓમાં પોતાના ફ્રેન્ડસના સ્ટેટસને જાણવા માટે ક્રેઝ સતત વધી રહ્યો છે. એક વખત એક ટીચરે ક્લાસની બહાર આવીને પોતાના મોબાઈલ ફોન પર એક સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર સ્ટેટસ ચકાસતા જાણવા મળ્યુ કે તેના એક વિદ્યાર્થીએ પોતાના ક્લાસ રૂમની અંદર સેલ્ફી થોડાક મિનિટ પહેલાજ લીધી હતી. આ વિદ્યાર્થી એજ હતો જે ક્લાસ રૂમમાં પણ હતો. આ એક માનસિક સ્થિતી છે જેના કારણે વિદ્યાર્થી પોતાના કેરિયરને બનાવવા માટેનો સમય ગુમાવી દે છે. આ વયમાં પેરેન્ટસને પણ વિદ્યાર્થી સાથે ખુબ સારા સંબંધ વિકસિત કરવાની જરૂર હોય છે. સાથે સાથે સૌથી મોટી બાબત તો કેરિયર માટેના હેતુ અથવા તો ટાર્ગેટ નક્કી કરવાની બાબત હોય છે. જો વિદ્યાર્થી સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કરે છે તો તેને કોઈ પણ બાબત ટ્રેકથી દુર કરી શકતી નથી પરંતુ જો તેને સ્માર્ટફોન અથવા તો અન્ય કોઈ ટેવ છે તો તેને શિક્ષણમાં તકલીફ થઈ શકે છે. આધુનિક સમયમાં ફોન જરૂરી છે પરંતુ સાથે સાથે તેનો ઉપયોગ યોગ્યરીતે થાય તે જરૂરી છે. કારણ કે કેરિયર બનાવવાના ગાળામાં તેના વધારા પડતા ઉપયોગથી નુકસાન થઈ શકે છે. સ્માર્ટ ફોન રાખવાના મુદ્દે જુદા જુદા લોકોના જુદા જુદા અભિપ્રાય છે. કારણ કે કેટલાક નિષ્ણાંતો અને વાલીઓ સ્માર્ટ ફોનને આધુનિક સમયમાં યોગ્ય ગણે છે. જ્યારે કેટલાક લોકો તેને એક દુષણ તરીકે પણ ગણે છે. દુષણ તરીકે ગણનાર લોકો માને છે કે મોબાઈલ પર શિક્ષણ સાથે સંબંધિત બાબતો નિહાળવાના બદલે વિદ્યાર્થીઓ અશ્લીલતા અને ફિલ્મો તેમજ અન્ય સોશિયલ મિડિયાનો વધારે ઉપયોગ કરી રહ્યા છે.





## ભાગદોડની લાઇફમાં પણ સમય કાઢવાની તાકીદની જરૂર છે...

**જો કોઇ વ્યક્તિ ઓફિસમાં બેસીને કલાકો સુધી કામ કરે છે તો તેવી વ્યક્તિને દરરોજ કસરત કરવાની જરૂર હોય છે રમત ગમતની પ્રવૃતિ અને અન્ય શારરિક ગતિવિધીઓ આપના લાંબા આયુષ્ય અને સ્વસ્થ જીવનની શક્યતા વધારે છે**

# કલાકો કામ કરનારા લોકો કસરત કરે

**થોડોક સમય પોતાના માટે કાઢવાથી થાક ઓછો લાગે છે અને ગુસ્સો પણ ઓછો આવે છે : શરીરને પુરતા પોષણ પર ધ્યાન પણ જરૂરી**

આધુનિક સમયમાં દરેક વ્યક્તિની લાઈફ ખુબ ભાગદોડ ભરેલી બની ગઈ છે. આધુનિક સમયમાં અમારી પાસે આરામથી એક કપ ચાર પીવાનો પણ સમય નથી. કામના કારણે અમે ચારેબાજુથી જોરદાર રીતે ઘેરાઈ ગયા છીએ. કામના કારણે માનસિક અને શારરિક તકલીફ ઉભી થવા લાગી ગઈ છે. આવી સ્થિતીમાં વ્યસ્ત સમય હોવા છતાં પોતાના માટે થોડોક સમય કાઢવામાં આવે તે જરૂરી છે. સમય પોતાના માટે કાઢવાના કારણે થાક લાગતી નથી. સાથે સાથે ગુસ્સો પણ આવતો નથી. કોઈ પણ વ્યક્તિએ પોતાને સ્વસ્થ રાખવા માટે સમય કાઢવાની જરૂર હોય છે. સેલ્ફ કેયર ટિપ્પસ દરેક વ્યક્તિને ઉપયોગી સાબિત થઈ શકે છે. જુદા જુદા અભ્યાસ દર્શાવે છે કે વર્કહોલિજમ અને મેન્ટલ તેમજ ફિજિકલ ડિસઓર્ડર વચ્ચે સીધા સંબંધ રહે છે. આને ચેતવણી તરીકે ગણીને અમને સાવધાન થઈ જવાની જરૂર છે. કામની સાથે સાથે શરીર પર ધ્યાન આપવાની જરૂર છે. આજના આધુનિક સમયમાં આ બાબત સ્વીકારી શકાય નહી કે આપના શરીરને કેટલા પ્રમાણમાં પોષક તત્વો મળે છે તે બાબતથી દરેક વ્યક્તિ વાકેફ રહે છે. વિટામિનનો ઉપયોગ પોષણ ના વીમા કરવા સમાન છે. જુદા જુદા રોગ પર સારવાર કરવાના નામે જંગી ખર્ચ કરવાના બદલે ડાઈટમાં મલ્ટી વિટામિન પર જંગી ખર્ચ કરવામાં આવે તે જરૂરી છે. મલ્ટી વિટામિન શરીરની તમામ જરૂરીયાત પૂર્ણ કરે છે. જો કોઈ વ્યક્તિ ઓફિસમાં બેસીને કલાકો સુધી કામ કરે છે તો તેવી વ્યક્તિને દરરોજ કસરત કરવાની જરૂર હોય છે. રમત ગમતની પ્રવૃતિ અને અન્ય શારરિક ગતિવિધીઓ આપના લાંબા આયુષ્ય અને સ્વસ્થ જીવનની શક્યતા વધારે છે. નિયમિતરીતે કરવામાં આવતી કસરત આપના શરીરને યોગ્ય રીતે કામ કરવામાં મદદરૂપ બને છે. કામના ગાળા દરમિયાન કરવામાં આવતી કસરત કરવાની ટેવ પાડવાની બાબત ખુબ સારી હોય છે. કારણ કે આના કારણે સાંજે પરિવારના સભ્યો સાથે સમય ગાળી શકાય છે. શરીર અને મન માટે ઓફિસ શ્રેષ્ઠ જગ્યા નથી. તાજી હવા અને તાપનો લાભ લેવા માટે સમય કાઢવાની જરૂર હોય છે. સુર્યપ્રકાશથી મળનાર વિટામિન ડી આપના આરોગ્યને સુધારી દેવામાં મદદરૂપ થાય છે. આવી જ રીતે ખુલ્લી હવામાં કરવામાં આવેલી વોકિંગ પણ ઉપયોગી સાબિત થાય છે. આવી ટેવ પાડીને ટીવી અથવા તો કોમ્પ્યુટરની સામે બેસીને ગાળવામાં આવતા સમયને પોતાની શરીરની કામની પ્રવૃતિમાં લગાવીને શરીરને ફિટ રાખી શકાય છે. ખુલ્લી હવામાં કરવામાં આવતી કસરત અને વોકિંગનો સીધો લાભ મળે છે. આના કારણે એકાગ્રતા વધારે મજબુત થાય છે. એક વખતે શરીર મજબુત બની જવાની સ્થિતીમં કેટલીક બિમારી તો સીધી રીતે જ ભાગી જાય છે. ઓફિસમાં કામ કરી કરીને થાકી જવાની સ્થિતીમાં રજા માણવાની બાબત પણ સારા વિકલ્પ તરીકે છે.યાત્રાના શૌખીન લોકોએ પ્રવાસ સ્થળો પર જવા માટેના આયોજન કરવા જોઈએ. મિત્રો અથવા તો પરિવારની સાથે સમય ગાળીને ટેન્શનમાંથી બહાર નિકળી શકાય છે. એંકાતમાં ગાળવામા આવતો સમય પણ ઉપયોગી સાબિત થાય છે. આનાથી યાદશક્તિ મજબુત બની જાય છે. એકાંતમાં રહીને પોતાની જરૂરીયાત મુજબ એક શાનદાર ચિત્ર બનાવી શકાય છે. આ પ્રકારના અનુભવ જવાબદારીના લાંબા કલાકથી આરામ આપે છે.વધારે સમય સુધી બેસીને કામ કરવાના કારણે ખુબ થાક લાગે છે. જેના કારણે શરીરમાં દુખાવો થઈ શકે છે. હાડકામાં દુખાવો કેટલાક કારણસર થઈ શકે છે. જેમાં ઓસ્ટિયો આર્થરાઈટિસ, સિકલ સેલ એનિમિયના કારણે પણ દુખાવો થાય છે. સ્નાયુ અને માસપેશિયા ખેંચાઈ જવાના કારણે હાડકામાં દુખાવો રહે છે. આ તમામથી બચવા માટે દરેક ૨૦ મિનિટમાં ઉભા થવાની જરૂર હોય છે. ડેસ્ક પર કામ કરનાર લોકોએ લાંબા સમય સુધી બેસી રહેવાથી બચવાના પ્રયાસ કરવા જોઈએ. ડેસ્ક પર હળવી કસરત જારી રાખવી જોઈએ. નિષ્ણાંતોના કહેવા મુજબ માથાને એકબાજુથી બીજી બાજુએ લઈ જવાથી ફાયદો થાય છે.





## ચીન ક્રૂડ ઓઈલ માટે આયાત પર મુખ્યરીતે આધારિત છે જેથી...

**ચીન ઘણા દ્વિપને પણ પોતાના હોવાનો દાવો કરે છે પેરેસલ દ્વિપ અને સ્માર્ટલે દ્વિપ પર અન્ય દેશ પોતાના અધિકારની વાત કરે છે જ્યારે કેટલાક દેશ પોતાના નિયંત્રણ ક્ષેત્રના આંશિક હિસ્સ તરીકે તેને ગણે છે**

# ભારતની લૂકઈસ્ટ નીતિ : ચીન હેરાન

**ભારત તેનાથી આગળ નીકળી જશે તેવા ભયથી ચીન સરકાર હાલમાં પરેશાન : તેલ અને ગેસ ભંડાર પર પ્રભુત્વ રાખવાની ખતરનાક ઇચ્છા**

દક્ષિણ ચીન દરિયામાં કોઈની પણ મંજુરી લીધા વગર તેલ અને ગેસના બ્લોકની શોધ ન કરવાની ભારતને ચેતવણી આપીને ચીને પોતાની ખતરનાક નીતિ રજુ કરી દીધી છે. આ ચેતવણીને માત્ર તેની દાદાગીરી તરીકે ગણી શકાય છે. આવી ચેતવણી આપીને તે માત્ર ભારતને દબાણમાં લેવાના પ્રયાસમાં છે જેથી આ ક્ષેત્ર પર તેનું વર્ચસ્વ યથાવત રહે. ભારતની કંપની ઓએનજીસી વિદેશ લીમીટેડ એક્સક્લુઝીવ ઈકોનોમી ઝોન અને વિયેતનામના ક્ષેત્રમાં તેલ અને ગેસની શોધમાં છે. ચીનનો હંમેશા તે દાવો રહ્યો છે કે ચીન દરિયામાં ૮૦ ટકા હિસ્સો તેનો છે. અન્ય દેશ તેમ કે વિયેતનામ, બ્રુનોઈ, મલેશિયા, તાઈવાન અને ફિલીપાઈન્સ પણ તેના જળક્ષેત્ર, દરિયાકાંઠાના વિસ્તારો અને દ્વિપ પર પોતાના દાવા કરતા રહ્યા છે. ચીન ભારતની લૂકઈસ્ટ નીતિને લઈને ખૂબ જ પરેશાન છે. ચીનની નારાજગીનું એક કારણ એ છે કે તેને મોદી સરકાર દ્વારા બનાવવામાં આવેલી નવી નીતિ લૂક ઈસ્ટ પસંદ પડી રહી નથી. તેને આ બાબતનો ભય સતાવી રહ્યો છે કે ભારતનું પડોશી દેશોમાં જે સન્માન છે તે આનાથી વધી જશે. અન્ય દેશ ચીનથી એટલા માટે પણ ભયભીત રહે છે કે કોઈ સમયે તેઓ ડ્રેગનનો હિસ્સો ન બની જાય. અહીં આ બાબત મહત્વપૂર્ણ છે કે આ ક્ષેત્ર વિશ્વના સૌથી વ્યસ્ત દરિયાઈ માર્ગ તરીકે છે. વિશ્વના ૫૦ ટકાથી વધુ તેલ ટેન્કરો આ રસ્તે થઈને જ પસાર થાય છે.

મુખ્ય બાબત એ છે કે ચીન પોતાના ક્રૂડ ઓઈલ માટે આયાત પર વધારે આધારિત છે. જેથી તે ત્યાં પોતાની ગતિવિધિ વધારી રહ્યું છે. શિપીંગની દષ્ટિએ પણ આ રસ્તો ખૂબ મહત્વપૂર્ણ છે. ભારતની ઉપસ્થિતિથી તે આ કારણસર ચિંતત છે કે ભારત તેનાથી આગળ ન નીકળી જાય. જો ભારત હતાશ થશે તો અન્ય દેશ પહેલાથી જ નબળા પડી જશે તેવી ગણતરી તે કરી રહ્યું છે. આ જ કારણસર ચીને કહ્યું છે કે સરહદી વિવાદનો ઉકેલ આવવાથી આ ક્ષેત્રને સંયુક્ત વિકાસને પ્રત્સાહન મળશે. આ બાબત કોઈનાથી છૂપાયેલી રહી નથી કે અહીં દક્ષિણ ચીન દરિયામાં તેલ અને ગેસના વિશાળ ભંડાર ઉપલબ્ધ છે. યુએસ એનર્જી ઈન્ફરમેશન એડમિનિસ્ટ્રેશન દ્વારા જે અહેવાલ આપવામાં આવ્યો છે તે મુજબ સાત અબજ બેરલથી વધુ તેલ ભંડાર અને નવ હજાર ટ્રિલિયન ફૂલ કુદરતી ગેસના ભંડાર રહેલા છે. આ આંકડા તેલ માટે દુનિયામાં બીજા સમૃદ્ધ દેશની લાઈમાં ભારત અને અન્ય દેશોને લાવી શકે છે. ચીન ઘણા દ્વિપને પણ પોતાના હોવાનો દાવો કરે છે. પેરેસલ દ્વિપ અને સ્માર્ટલે દ્વિપ પર અન્ય દેશ પોતાના અધિકારની વાત કરે છે જ્યારે કેટલાક દેશ પોતાના નિયંત્રણ ક્ષેત્રના આંશિક હિસ્સ તરીકે તેને ગણે છે. ચીન આ મુદ્દાના સમાધાન માટે આ ક્ષેત્ર પર દાવા કરનાર દેશોથી સામુહિક રીતે વાતચીત કરવાનો પણ ઈન્કાર કરે છે પરંતુ તે અલગ અલગરીતે આ દેશો સાથે વાતચીત કરવા ઈચ્છુક છે જે તેની ખતરનાર રણનીતિ દર્શાવે છે.વર્ષ ૨૦૧૩માં ફિલિપાઈન્સે સંયુક્ત રાષ્ટ્ર ટ્રિબ્યુનલમાં ચીનને કાયદાકીયરીતે પડકાર ફેંક્યો હતો. ફિલિપાઈન્સે એવી રજુઆત કરી હતી કે ચીનનો આ કોઈ કાયદાકીય અધિકાર નથી. આના જવાબમાં ચીને કહ્યું હતુ કે સંયુક્ત રાષ્ટ્રની મધ્યસ્થતાને તે ક્યારે સ્વીકાર કરશે નહીં અને તેમાં ભાગ પણ લેશે નહીં. ચીન આ ક્ષેત્રને આંતરરાષ્ટ્રીય જળક્ષેત્ર તરીકે સ્વીકારવાનો ઈન્કાર કરે છે અને આને પોતાના ક્ષેત્ર તરીકે ગણે છે. અમેરિકાના સંરક્ષણ મંત્રી કાર્ટરે પણ ગયા સપ્તાહમાં ચીનને ચેતવણી આપતા કહ્યું હતુ કે દક્ષિણી દરિયાઈ ક્ષેત્રમાં ચીનની ગતિવિધિથી પ્રશાંત ક્ષેત્રમાં અસ્થિરતાને પ્રોત્સાહન મળશે. અમેરિકાનું એમ પણ કહેવું છે કે આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ માનવ નિર્મિત દ્વિપને ચીનના દરિયાઈક્ષેત્ર તરીકે ગણી શકાય નહીં. કેટલાક લોકો અમેરિકન સંરક્ષણમંત્રીના આ નિવેદનને ભારત તરફી નિવેદન તરીકે ગણાવે છે. વાસ્તવિકતા એ છે કે ચીન પોતાની ગતિવિધિથી પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ જેવા દેશો પર પોતાની પક્કડને મજબુત બનાવી ભારતને ભીંસમાં લેવા ઈચ્છુક છે. અમેરિકાની સાથે મિત્રતા રાખનાર ભારતને લઈને તે ચિંતિત છે.





Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

## મહારાષ્ટ્રના વરસાદનો કહેર દિલ્હી સુધી પહોંચ્યો

# ડુંગળી ૫૦ રૂપિયા સુધી પહોંચશે, ટામેટા ૧૦૦ રૂપિયા સુધી!

**મહારાષ્ટ્ર અને દક્ષિણમાં ડુંગળી અને ટામેટા ઉત્પાદક મુખ્ય રાજ્યોમાં ભારે વરસાદને કારણે પાકને નુકસાન થયું છે, જેની અસર આગમન પર**

। નવીદિલ્હી, તા.૩ ।

મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં મુશળધાર વરસાદને કારણે ડુંગળી અને ટામેટાંના પાકને નુકસાન થયું છે. જેના કારણે દિલ્હીમાં ટામેટા અને ડુંગળીનો પુરવઠો ઘટી ગયો છે. જેની અસર ભાવમાં જોવા મળી રહી છે. જૂન મહિનામાં જ, છૂટક બજારમાં ટામેટાંના ભાવ ૨૪ રૂપિયાથી વધીને ૩૦ રૂપિયા થઈ ગયા છે. જે આગામી બે અઠવાડિયામાં બમણા થઈને એક મહિનામાં ૮૦ રૂપિયાથી ૧૦૦ રૂપિયા સુધી પહોંચવાની ધારણા છે. બીજી તરફ, ડુંગળીના ભાવમાં પણ પ્રતિ કિલો ૬ રૂપિયાનો વધારો જોવા મળ્યો છે. આગામી એક મહિનામાં ડુંગળીના ભાવ ૫૦ રૂપિયા સુધી પહોંચી શકે છે.હકીકતમાં, મે મહિનાના બીજા પખવાડિયામાં, મહારાષ્ટ્રમાં ડુંગળીના ભાવમાં ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. જેની અસર દેશના અન્ય બજારોમાં અથવા કહો કે દેશની રાજધાની દિલ્હીમાં જોવા મળી રહી છે. નિષ્ણાતોના મતે, ડુંગળી અને ટામેટાં બંનેનો પાક ખૂબ જ ખરાબ થયો છે. ભારે વરસાદની અસર પુરવઠા પર પણ જોવા મળી રહી છે. આગામી દિવસોમાં, ડુંગળી અને ટામેટાંના ભાવમાં વધુ વધારો જોવા મળી શકે છે. ચાલો તમને એ પણ જણાવીએ કે દિલ્હીમાં ડુંગળી અને ટામેટાંના ભાવ કેટલા વધી ગયા છે.







### ૩૧ મેના રોજ ડુંગળીનો ભાવ ૧૫ રૂપિયા પ્રતિ કિલો હતો, જે ૨ જૂને વધીને ૨૧ રૂપિયા પ્રતિ કિલો થયો

બજાર ભાવની વાત કરીએ તો, ૩૧ મેના રોજ ડુંગળીનો ભાવ ૧૫ રૂપિયા પ્રતિ કિલો હતો, જે ૨ જૂને વધીને ૨૧ રૂપિયા પ્રતિ કિલો થયો છે. આનો અર્થ એ થયો કે બજારમાં ડુંગળીનો ભાવ ૪૦ ટકા વધ્યો છે. બીજી તરફ, ૩૧ મેના રોજ બજારમાં ટામેટાંનો જથ્થાબંધ ભાવ ૨૦ રૂપિયા પ્રતિ કિલો હતો, જે ૨ જૂને વધીને ૨૭ રૂપિયા પ્રતિ કિલો થયો છે. આનો અર્થ એ થયો કે બે દિવસમાં ટામેટાંનો ભાવ ૩૫ ટકા વધ્યો છે. બીજી તરફ, જો આપણે મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના લાસલગાંવની વાત કરીએ, તો ડુંગળીના ભાવમાં પણ જબરદસ્ત વધારો થયો છે. છેલ્લા પખવાડિયામાં ડુંગળીના ભાવમાં લગભગ ૨૦ ટકાનો વધારો થયો છે, જેનું મુખ્ય કારણ ભારે વરસાદ છે, જેના કારણે પાકને નુકસાન થયું છે અને બજારમાં શાકભાજીનું આગમન ઓછું થયું છે.

### બે દિવસમાં એટલે કે ૧ અને ૨ જૂને ડુંગળી અને ટામેટાના ભાવમાં ૪૦ થી ૫૦ ટકાનો વધારો

છેલ્લા બે દિવસમાં એટલે કે ૧ અને ૨ જૂને ડુંગળી અને ટામેટાના ભાવમાં ૪૦ થી ૫૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. છૂટક ભાવમાં આ વધારો જોવા મળ્યો છે. ૩૧ મેના રોજ દેશની રાજધાની દિલ્હીમાં ડુંગળીનો છૂટક ભાવ ૨૦ રૂપિયા પ્રતિ કિલો હતો, જે ૨ જૂને વધીને ૩૦ રૂપિયા પ્રતિ કિલો થયો છે. તે જ સમયે, ગયા મહિનાના છેલ્લા દિવસે ટામેટાંનો છૂટક ભાવ ૨૦ રૂપિયા પ્રતિ કિલો હતો, જે ૨ જૂને વધીને ૩૫ રૂપિયા પ્રતિ કિલો થયો છે. આનો અર્થ એ થયો કે બે દિવસમાં ટામેટાંના ભાવમાં ૧૫ રૂપિયા એટલે કે ૭૫ ટકાનો વધારો જોવા મળ્યો છે. જ્યારે ડુંગળીમાં ૫૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. દિલ્હીમાં ડુંગળી અને ટામેટાંના છૂટક વેપારી પપ્પુ સિંહ કહે છે કે ડુંગળી અને ટામેટાંની આવકમાં ઘણો ઘટાડો થયો છે.

### દિલ્હીમાં ડુંગળીનો ભાવ ૩૧ મેના રોજ ૨૦ રૂપિયા પ્રતિ કિલો

બીજી બાજુ, જો આપણે સરકારી ભાવોની વાત કરીએ, તો તેમાં બે દિવસમાં વધારો જોવા મળ્યો છે. ગ્રાહક બાબતોના મંત્રાલયના આંકડા અનુસાર, ૩૧ મેના રોજ દેશમાં ડુંગળીનો સરેરાશ ભાવ ૨૬.૦૧ રૂપિયા પ્રતિ કિલો હતો. જે ૨ જૂને વધીને ૨૬.૨૪ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો. ટામેટાંની વાત કરીએ તો, ૩૧ મેના રોજ દેશમાં ટામેટાંનો સરેરાશ ભાવ ૨૫.૪૯ રૂપિયા હતો, જે ૨ જૂને વધીને ૨૬.૪૧ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો. તે જ સમયે, દેશની રાજધાની દિલ્હીમાં ડુંગળીનો ભાવ ૩૧ મેના રોજ ૨૦ રૂપિયા પ્રતિ કિલો હતો, જે ૨ જૂને ૨૭ રૂપિયા પ્રતિ કિલો જોવા મળ્યો. એટલે કે, બે દિવસમાં ૩૫ ટકાનો વધારો જોવા મળ્યો. ટામેટાંની વાત કરીએ તો, ૩૧ મેના રોજ દિલ્હીમાં ભાવ ૨૦ રૂપિયા હતો, જે ૨ જૂને વધીને ૨૩ રૂપિયા થઈ ગયો છે. અને આગામી દિવસોમાં ભાવ ક્યાં સુધી જઈ શકે છે. આનું કારણ એ છે કે મહારાષ્ટ્ર અને દક્ષિણમાં ડુંગળી અને ટામેટા ઉત્પાદક મુખ્ય રાજ્યોમાં ભારે વરસાદને કારણે પાકને નુકસાન થયું છે. જેની અસર આગમન પર પડી રહી છે.

## પંજાબમાં પાકિસ્તાની જાસૂસ ધરપકડ: ઓપરેશન સિંદૂર વિશે માહિતી શેર કરી રહ્યો હતો

। ચંડીગઢ, તા.૩ ।

પંજાબના તરનતારન જિલ્લાના રહેવાસી એક વ્યક્તિની જાસૂસીના આરોપસર ધરપકડ કરવામાં આવી છે. આરોપી ઓપરેશન સિંદૂર દરમિયાન સેનાની પ્રવૃત્તિઓ સંબંધિત સંવેદનશીલ માહિતી પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓ સાથે શેર કરી રહ્યો હતો. પોલીસે એક મોબાઈલ ફોન પણ જપ્ત કર્યો છે જેમાં માહિતી હતી જે તેણે પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓ સાથે શેર કરી હતી.પંજાબ પોલીસના ડીજીપી ગૌરવ યાદવે જણાવ્યું હતું કે કાઉન્ટર-ઈન્ટેલિજન્સ-પંજાબ પાસેથી મળેલી માહિતીના આધારે, તરનતારન પોલીસે સંયુક્ત ઓપરેશનમાં ગગનદીપ સિંહ ઉર્ફે ગગનની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલ આરોપી પાકિસ્તાન આઈએસઆઈ અને ગોપાલ સિંહ ચાવલા સાથે સંપર્કમાં હતો અને ઓપરેશન સિંદૂર દરમિયાન સૈન્ય પ્રવૃત્તિઓ સંબંધિત સંવેદનશીલ માહિતી શેર કરી રહ્યો હતો.તપાસમાં જાણવા મળ્યું છે કે તે લશ્કરી તૈનાતી અને વ્યૂહાત્મક સ્થળો સહિતની વર્ગીકૃત વિગતો શેર કરવામાં રોકાયેલો હતો, જેનાથી રાષ્ટ્રીય સુરક્ષાને જોખમ થઈ શકે છે. ગગનદીપ સિંહ છેલ્લા પાંચ વર્ષથી પાકિસ્તાન સ્થિત ખાલિસ્તાની સમર્થક ગોપાલ સિંહ ચાવલા સાથે સંપર્કમાં હતો.

## દહેરાદુનમાં હોસ્ટેલમાં અપંગ બાળકો સાથે ક્રૂરતા, ૨ ઓટીસ્ટીક વિદ્યાર્થીઓ પર બળાત્કાર

। દહેરાદુન, તા.૩ ।

